Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-16, Issue-1, June-2022
www.researchguru.net

# ગાંધી અને આંબેડકરના દલિત સમસ્યાઓ સંબંધિત વિચારો

**હિમાંશુ આર. નાયક**
પીએચ.ડી. સ્કોલર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

***સારાંશ:****ગાંધી અને આંબેડકર બંને મહાપુરુષોએ ભારતીય સમાજ વ્યવસ્થાનો ગહન અભ્યાસ કર્યો અને તેમના અનુભવોના આધારે તેને સુધારવાના પ્રયત્નો કર્યા. બંને ભારતીય સમાજમાં ચાલતી કુપ્રથાઓ જેવી કે અસ્પૃશ્યતા, જાતિ વ્યવસ્થા, અસમાનતા, વિધવા લગ્ન નિષેધ લિંગ ભેદભાવ વગેરેને દૂર કરી નવો સમાજ બનાવવા ઈચ્છે છે. પરંતુ બંનેની વિચારસરણીની રીત જુદી હતી. તેથી, બંનેની વિચારધારા પર હજી પણ વિવાદ છે. ખરેખર ગાંધીની સર્વોદય સમાજ વ્યવસ્થા અને આંબેડકરની સામાજિક ન્યાયની વિચારધારામાં તફાવતોનું મુખ્ય કારણ હિન્દુ ધર્મ હતું. ગાંધી પોતાને સનાતની હિન્દુ માનતા હતા અને હિન્દુ ધર્મમાં સુધારો કરીને ભારતીય સમાજમાં પરિવર્તન લાવવા માંગતા હતા. જ્યારે આંબેડકર હિન્દુ ધર્મને અસમાનતા અને અન્યાયનો પર્યાય માનતા હતા અને તેમાંથી મુક્તિ આપ્યા વિના નવા સમાજની રચનાને અશક્ય ગણાવી હતી.*

## ગાંધી અને આંબેડકરની દૃષ્ટિએ દલિત સમસ્યાઓ સંબંધિત વિચારો

ગાંધીને સામાન્ય રીતે વર્ણ-વ્યવસ્થાના હિમાયતી માનવામાં આવે છે. પરંતુ ગાંધીના વર્ણ-વ્યવસ્થાના વિચારોને બે તબક્કામાં વહેંચવાની જરૂર છે. પ્રથમ તબક્કે 1915 થી 1932 અને બીજો 1932 થી જીવનના અંત સમય સુધીનો છે. પ્રથમ તબક્કામાં ગાંધી વર્ણ-વ્યવસ્થાને ટેકો આપે છે. પરંતુ અસ્પૃશ્યતાનો સખત વિરોધ કરે છે. ગાંધીના મતે, “વર્ણ-વ્યવસ્થાએ માનવ શોધ નથી, પરંતુ પ્રકૃત્તિનો અકલ્પનીય નિયમ છે. આ તે વૃત્તિનું નિવેદન છે જે ન્યૂટનના ગુરુત્વાકર્ષણના નિયમની શોધ થઈ તે પહેલા હંમેશા અસ્તિત્વમાં છે. એવી જ રીતે વર્ણનો નિયમ પણ હાજર હતો. આ કાર્ય હિંદુઓને સોંપવામાં આવ્યું કે તે નિયમની શોધ કરે. વર્ણ-વ્યવસ્થા ફક્ત પ્રકૃતિનો એક ભાગ છે. અને માનવ અસ્તિત્વનો શાશ્વત નિયમ છે. તે અનિવાર્યપણે હિન્દુ ધર્મનો ભાગ છે. અને તેણે હિન્દુ ધર્મનું રક્ષણ કર્યું છે.[1] અહીં ગાંધી વર્ણ વ્યવસ્થા દ્વારા તે વર્ણ ધર્મને લાંબા સમય સુધી ચલાવવા માગે છે. તેથી તે વર્ણાશ્રમના સંબંધમાં ગીતા અને અન્ય ધાર્મિક ગ્રંથોમાં વ્યક્ત કરેલા મંતવ્યોને સંદર્ભો સાથે ભાર પૂર્વક ધરાવે છે. ગાંધીનું કહેવું છે કે “મર્યાદાઓને ધ્યાનમાં રાખીને, વર્ણનો નિયમ ઉચ્ચ અને નીચનો ભેદભાવમાં માનતો નથી. એક આદર્શ સમાજ વ્યવસ્થા ત્યારે જ વિકસિત થાય છે જ્યારે આ વ્યવસ્થાના આકારોને સંપૂર્ણ રીતે સમજવામાં આવે અને વ્યવહારિક સ્વરૂપ આપવામાં આવે. વર્ણાશ્રમમાં પૃથ્વી પર માણસનું મિશન શરીર અને આત્માની એકતાના લક્ષ્ય સાથે વ્યાખ્યાયિત કરે છે.”[2] ગાંધી અનુસાર વર્ણ અને આશ્રમ એવી સંસ્થા છે જેનો જાતિ સાથે કોઈ સંબંધ નથી. વર્ણનો નિયમ આપણને શીખવે છે કે આપણામાંના દરેકને તેના પૂર્વજોના ધંધાને અનુસરીને આપણી આજીવિકા મેળવવી પડશે. તે આપણા અધિકારોને નહીં પરંતુ ફરજોને નિર્ધારિત કરે છે. વર્ણના નિયમમાં એવું કંઈજ નથી જે અસ્પૃશ્યતામાં વિશ્વાસની ખાતરી આપે છે.”[3]

ગાંધીના મતે, વર્ણવ્યવસ્થામાં કાર્યોનું વિભાજન એ સામાજિક સંપ અને એકતામાં મદદરૂપ થાય છે. તેમનું માનવું હતું કે વર્ણ વ્યવસ્થા બિનજરૂરી દુશ્મનાવટને દૂર કરે છે અને એમાં કોઈ પણ પ્રકારે ઊંચ-નીચનો પ્રશ્ન જ નથી. તેમણે એમ પણ કહ્યું હતું કે, સમાજમાં વિકૃતિઓ પેદા થવાના કારણે વર્ણ વ્યવસ્થામાં ભંગાણ પડ્યું છે. અર્થાત્ વર્ણ અવ્યવસ્થા જિમ્મેદાર છે. ગાંધી કહે છે – “મારો પોતાનો મત એ છે કે આજે વર્ણ-વ્યવસ્થા તૂટી ગઈ છે. આજે કોઈ સાચા બ્રાહ્મણ નથી કે કોઈ સાચા ક્ષત્રિય કે વૈશ્ય પણ નથી. આપણે બધા શુદ્ર છીએ. એટલે કે એક જ વર્ણના છીએ. અને જો આ સ્થિતિ સ્વીકારવામાં આવે તો વાત સરળ બની

જાય છે. અને જો આપણો અહંકાર સંતોષાતો નથી તો એમ માની લો કે આપણે બધા બ્રાહ્મણો છીએ અલબત્ત, અસ્પૃશ્યતા નિવારણનો મતલબ ઊંચ-નીચના ભેદભાવનો સમૂળો નષ્ટ કરવાનો છે."[4]

ગાંધી એમ માને છે કે "અસ્પૃશ્યતા સમાપ્ત થતાં જે જાતિ વ્યવસ્થા પોતે જ શુદ્ધ થઈ જશે એટલે કે તે એક સાચી વર્ણ વ્યવસ્થા બની જશે. જે અંતર્ગત સમાજ ચાર ભાગમાં વિભાજિત થશે. અને તેમાં કોઈ નાનો કે મોટો નહિ હોય."[5] માર્ક્સવાદી ચિંતક કે દામોદરનએ ગાંધીના અસ્પૃશ્યતા વિરોધી આંદોલનને દલિતોમાં આત્મવિશ્વાસ વધારવાનું ઉપક્રમ માન્યું છે. તેમના મતે, "ઉદ્દેશ્યની દૃષ્ટિથી જોઈએ તો ગાંધી દ્વારા ચલાવેલ અસ્પૃશ્યતા નિવારણ અને હરિજન આંદોલનો, વર્ણાશ્રમને ફરી જીવિત કરી શક્યા નહીં. પરંતુ સામંતવાદની જડ મૂળ તેની પાસેથી નબળી પડી ગઈ. તેમનો સંદેશ ટૂંક સમયમાં દેશના એક ખૂણેથી બીજા ખૂણામાં ફેલાયો અને તેમણે અજ્ઞાનતા અને ગરીબીથી પીડાતા લાખો દેશવાસીઓમાં નવો વિશ્વાસ ઊભો કર્યો. તેમણે દેશભક્તિની નવી જ્યોત પ્રગટાવી અને અન્યાય તેમજ જુલ્મ સામે સંઘર્ષ કરવા સામાન્ય લોકોને પ્રેરિત કર્યા."[6]

ગાંધી અસ્પૃશ્યોની વેદના સમજે છે તેમ છતાં હિન્દુ ધર્મ અને વર્ણ વ્યવસ્થામાં ફેરફાર ઇચ્છતા નથી. ગાંધીએ 25 મે 1920ના રોજ સી.એફ. એન્ડ્રયૂઝને લખેલા પત્રમાં તેમણે કહ્યું હતું કે, "હું પણ લગ્ન સંબંધે પુરુષ અને સ્ત્રીની પસંદગી પરના કેટલા શિસ્તબદ્ધ પ્રતિબંધો ને લાગુ કરવા માંગું છું. જેમે કે કોઈ ભાઈ પોતાની બહેન સાથે વિવાહ કરે તો તે અયોગ્ય ગણાશે. તેવી જ રીતે કોઈ પુરુષ અથવા સ્ત્રીનો સમુદાય જેને આપણે જાતિ કહીએ શકીએ તેની બહાર લગ્ન કરવા હું તેને અનુચિત ઠેરવીશ. આ રીતે હું એવી સ્થિતિ ઊભી કરીશ કે કોઈ વ્યક્તિ લગ્ન સંબંધે તેના સમુદાય અથવા જાતિની બહાર લગ્ન કરવા વિશે વિચારશે નહીં અને જો કોઈ સ્ત્રી કે પુરુષ પોતાના માટે સૂચવેલ ક્ષેત્રની અંદર પોતાના લાયક પાત્ર ન મળે તો તેને બ્રહ્મચર્યના જીવનમાં જ સંતોષ માનવો પડે, બીજા શબ્દોમાં કહું તો, હું આ મામલે બેલગામ સ્વૈચ્છિક ચારિત્રમાં વિશ્વાસ નથી રાખતો. લગભગ મોટા ભાગના લગ્ન પાછળ શારીરિક આકર્ષણએ પ્રેરણારૂપ રહ્યું છે. હું આ આકર્ષણના ક્ષેત્રને ટૂંકાવા ઇચ્છું છું, મારી દૃષ્ટિએ જાતિ-પ્રથાને જો યોગ્ય રીતે નિયમન કરવામાં આવે તો તે એક ઉપયોગી સંસ્થા છે. અસ્પૃશ્યતા એ ઈશ્વર અને માનવતા પ્રત્યે એક અપરાધ છે. જાતિ પ્રથાને હું શુદ્ધ બનાવીશ, પણ અસ્પૃશ્યતાને સમાપ્ત કરીશ. જો મણિલાલ (ગાંધીનો બીજો પુત્ર) કોઈ અસ્પૃશ્ય છોકરી સાથે પ્રેમમાં પડી જાય, તો હું તેની આ પસંદગી સામે વાંધો નહીં ઉઠાવું, પણ મારે સ્વીકારવું જ પડે કે તે મારી શિક્ષાને જીવનમાં ઉતારી શક્યો નહીં. આ મામલે હું તે બંનેને તેમની જાતિની મર્યાદામાં રહેવા માટે કહીશ. એટલા માટે નહીં કે તે બીજી જાતિ પ્રતિ પોતાના મનમાં ધૃણા કે અરૂચિના ભાવવશ તે આવું કરે. પરંતુ હું ઈચ્છું છું કે તે સંયમ રાખે...હું એ પણ પસંદ નહીં કરું કે બ્રાહ્મણ પોતાની જાતિની શ્રેણીમાંથી બહાર જઈ જયાં ત્યાં ખાતો ફરે."[7]

ગાંધી જાતિપ્રથાને નાબૂદ કરવાની વાત કરે છે. એમના શબ્દોમાં જાતિપ્રથા વર્ણ-વ્યવસ્થા થી બિલકુલ વિરુદ્ધ છે. એટલે આને જનતા જેટલી જલ્દી સમાપ્ત કરી દે. તેટલું વધારે સારૂં છે. જાતિનો ધર્મ સાથે કોઈ સંબંધ નથી તોય પણ તે રાષ્ટ્રીય અને આધ્યાત્મિક બંનેના વિકાસને અવરોધે છે. ગાંધી કહે છે કે "વર્ણ અને આશ્રમ એવી સંસ્થા છે જેનો જાતિ સાથે કોઈ સંબંધ નથી. વર્ણ નિયમ આપણને શિખવાડે છે કે આપણે આપણો જીવન નિર્વાહ આપણા પૂર્વજોના ધંધાને અનુસરીને કમાણી કરવી જોઈએ. તે આપણા અધિકારોને નહીં પણ ફરજોની વ્યાખ્યા કરે છે. અને વર્ણ નિયમમાં એવી કોઈ વાત નથી જે અસ્પૃશ્યતામાં વિશ્વાસની ખાતરી આપે છે."[8]

હકીકતમાં, ગાંધીના અન્ય વિચારોની જેમ, વર્ણ વ્યવસ્થા સંબંધી વિચારોમાં પણ સતત પ્રગતિ જોવા મળે છે. જ્યાં શરૂઆતમાં ગાંધી વર્ણ-વ્યવસ્થા અને જાતિ વ્યવસ્થાને એક માનતા હતા. તેને હવે અહીંયા તે બંનેને અલગ અલગ કરીને જુએ છે. પરંતુ તેમ છતાં તેઓ હજુ પણ વર્ણ વ્યવસ્થાની વકિલાત કરે છે. તેમનું માનવું હતું કે જાતિ તોડવાનો અર્થ

વર્ણનો ઉચ્છેદ કરવો તે અદૂરદર્શિતા છે અને તે અસ્વીકાર્ય છે. પરંતુ તે અસંખ્ય જાતિઓને તોડવા સમર્થન કરે છે. પછી ઈ.સ. 1942 પસાર થતા એમણે છૂઆ-છૂત મિટાવા માટે વિભિન્ન જાતિઓ તથા વર્ણો વચ્ચે રોટી-બેટીના સંબંધોને વધારવાની વાત કહી. ઈ.સ. 1945 એમણે ત્યાં સુધી કહી દીધું કે, “જો લગ્ન એક જ જાતિમાં હોય તો મારા આર્શીવાદ ન માગશો. જો છોકરી ગમે તેવી હોય પણ વિજાતિય હોય તો આર્શીવાદ છે.” જાહેર છે કે જાતિના ઉન્મૂલન માટે એમણે જાતિઓની વચ્ચે પરસ્પર હળવું મળવું તથા ખાન-પાનની સાથે સાથે આંતર જાતિય તથા આંતર વર્ણીય લગ્નોનું પણ સમર્થન કર્યું. અસ્પૃશ્યતાના ઉન્મૂલન માટે તો એક રીતે તો એમણે પોતાનું આખું જીવન જ લગાવી દીધું. એમણે દક્ષિણ આફ્રિકાથી લઈને સેવાગ્રામ સુધી પોતાના આશ્રમોમાં અસ્પૃશ્યતા નિવારણની દિશામાં ઠોસ પહેલ કરી. એમનો વિશ્વાસ હતો કે અસ્પૃશ્યતા એક અપરાધ છે અને માનવતાના વિરુદ્ધમાં પાપ પણ. અસ્પૃશ્યતાને તેઓ હિન્દુ ધર્મના માથા પર કલંક માનતા હતા. એમણે તો ત્યાં સુધી કહ્યું કે અસ્પૃશ્યતા જીવિત રહે એના કરતા સારુ એ છે કે હિન્દુ ધર્મ સમાપ્ત થઈ જાય.[10] એમણે અસ્પૃશ્યતા ઉન્મૂલીને ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના એક પ્રમુખ કાર્યક્રમના રૂપમાં સામેલ કરાવ્યું અને તેને સ્વરાજ પ્રાપ્તિ સાથે જોડ્યું. એમણે લખ્યું છે કે – “આપણા વચ્ચેથી જયાં સુધી અસ્પૃશ્યતાનો અભિશ્રાપ દૂર નહીં કરવામાં આવે ત્યાં સુધી સ્વરાજ પ્રાપ્તિ થઈ જ નહીં શકે.”

પછી જેમ જેમ અસ્પૃશ્યતા ઉન્મૂલન આંદોલન વ્યાપક થતું ગયું. ગાંધીજીના વર્ણ વ્યવસ્થા સંબંધી વિચારોમાં બદલાવ આવ્યો. ડિસેમ્બર 1920માં ગાંધીજીએ લખ્યું, બીજી પ્રથાઓની જેમ જાતિ પ્રથા પણ ઘણી બધી ખૂબ જ અસ્વસ્થ અને અનાવશ્યક રીતિ-રિવાજોનું શિકાર બની ગઈ છે. હું સમાજના ફક્ત ચાર મોટા વિભાજનોને મૂળભૂત કુદરતી અને જરૂરી માનું છું. બેશુમાર ઉપજાતિઓથી ક્યારેક ક્યારેક કંઈક સારૂં પણ થાય છે. પરંતુ ઘણું કરીને એનાથી – અડચણો જ પેદા થાય છે. આવી ઉપ-જાતિઓ જેટલી જલ્દી એક થઈ જાય એટલી જ સમાજની ભલાઈ છે. પરંતુ હું મૌલિક, વર્ણ-વિભાજન ને તોડવાની કોઈ પણ કોશિશની વિરુદ્ધ છું. વર્ણ-વિભાજન અસમાનતા પર આધારિત નથી. એમાં ઊંચ-નીચનો પણ કોઈ સવાલ નથી. જ્યાં ઊંચ-નીચનો એવો સવાલ ઊઠી રહ્યો છે, ઉદાહરણર્થ, મદ્રાસ, મહારાષ્ટ્ર અથવા બીજા સ્થાનોમાં ત્યાં એને જરૂર રોકવો જોઈએ. હિન્દુસ્તાનમાં અને સમગ્ર દુનિયામાં લોકતંત્રની જે ભાવના ઝડપથી ફેલાઈ રહી છે, એની અસરથી વર્ણ-વ્યવસ્થામાંથી પણ ઊંચ-નીચનો ખ્યાલ આપો-આપો મટી જશે. લોકતંત્રની ભાવના કોઈ આંતરિક વસ્તુ નથી કે સમાજના બહારી ઢાંચામાં જોડ-તોડ કરીને એને એની અનુકૂળ બનાવી દેવાય. આ તો હૃદય-પરિવર્તનની અપેક્ષા રાખે છે. જો લોકતંત્રની ભાવનાના ફેલાવમાં જાત-પાત રૂકાવટ હોય તો હિન્દુસ્તાનમાં જે એક સાથે હિન્દુ, ઈસાઈ, ઈસ્લામ, પારસી અને યહૂદી – પાંચ ધર્મો વર્તમાનમાં છે. તેઓ પણ તેમાં રૂકાવટ જ બનશે. લોકતંત્રની ભાવના લોકોમાં ભાતૃભાવના સંચારની અપેક્ષા રાખે છે અને મને તો કોઈ ઈસાઈ અથવા મુસલમાનોને આ રીતે પોતાના ભાઈ માનવામાં કોઈ અડચણ માલૂમ નથી થતી, જે રીતે હું સહોદર ને ભાઈ માનીશ. આપણે એ ક્યારેય ન ભૂલવું જોઈએ કે જે હિન્દુ ધર્મ વર્ણ-વ્યવસ્થા માટે જવાબદાર છે એ હિન્દુધર્મે ફક્ત મનુષ્ય પ્રત્યે જ નહીં પરંતુ જીવ માત્ર પ્રત્યે અનિવાર્ય રૂપ ભાતૃત્વ ભાવ રાખવાનું પણ વિધાન કર્યું. [12]

અહીં એ ઉલ્લેખનીય છે કે, ગાંધી ભારતને આંતરિક તથા બાહ્ય બંને પ્રકારની દાસ્તામાંથી મુકત કરવા ઈચ્છતા હતા. શ્રી ભગવાનસિંહના અનુસાર – ગાંધીજી માટે પૂરૂં ભારત જ દલિત હતું. જેના બે પક્ષ હતા – પહેલું આંતરિક દળ અને બીજું બાહ્ય દલન. આંતરિક દલનના શિકાર તે બેસુમાર મનુષ્ય હતા. જેને અછૂત બનાવી પશુ થી પણ બદત્તર જીવન જીવવા બાધ્ય કરી રાખ્યા હતા. સાથે જ સ્ત્રી જાતિ હતી જે શિક્ષણ તથા સામાજિક અસમાનતાના અધિકારોથી વંચિત તો હતી જ. એ સિવાય બાળ-વિવાહ, બાળ-વિધવા, વૈશ્યા, દેવદાસી જેવી કુપ્રથાઓના કારણે પણ દલિત બનાવવામાં આવી હતી. એને જ પુરનચંદ્ર જોશી જેવાં સમાજ શાસ્ત્રી

આંતરિક ઉપનિવેષવાદની સંજ્ઞા આપે છે. જેની શિકાર મુખ્યરૂપથી અછૂત જાતિ અને સ્ત્રી જાતિ હતી. બાહ્ય દલનમાં હતી – બાહ્ય ઔપનિવેશિક સત્તા દ્વારા દેશને રાજનૈતિક રૂપથી ગુલામ બનાવી દેશના સંસાધનોનું મન મન્યા ઢંગથી દોહન કરવું. ત્યાં સુધી કે જનતાની સાથે અસમાનતાપૂર્ણ વ્યવહાર કરવો અને અંગ્રેજી ભાષા તથા શિક્ષણને થોપીને અહીંની ભાષા અને સંસ્કૃતિનું રક્ષણ કરવું. આ રીતે એક રાષ્ટ્રના રૂપમાં દલિત ભારતના મુખ્યરૂપથી એ ચાર પ્રશ્ન હતા. પ્રથમ અછૂતોનું દલન, બીજું સ્ત્રીઓનું દલન, ત્રીજું ભાષા શિક્ષણના સ્તર પર દલન તથા રાજનૈતિક દલન જેના અંતર્ગત રાજનીતિક પરાધિનતાથી લઈ આર્થિક શોષણ સુધીના મુદા સામેલ હતા.[13]

મહાત્મા ગાંધી સ્ત્રી-પુરુષ સમાનતાના પ્રબળ હિમાયતી હતા. એમણે લખ્યું છે કે, "હું મારી જાતિના અધિકારોના વિષયમાં કોઈ સમજૂતી કરવા નથી ઈચ્છતો. મારા વિચાર મુજબ છોકરા અને છોકરી બંનેને સમાન અધિકાર મળવા જોઈએ. સ્ત્રીઓમાં જેમ જેમ શિક્ષણનો વિકાસ થશે, તેઓ પોતાના અધિકાર પ્રત્યે જાગૃત થઈ જશે. તથા તેઓ સમાજમાંથી અસમાનતાના દૂર કરવાના પ્રયત્નો કરશે. પરંતુ વાસ્તવમાં નારી જાતિનું દૂરદશાનું કારણ પુરુષોની શક્તિ અને યશ મેળવવાનો લોભ છે. પુરુષ બરાબર સ્ત્રીને પોતાની સંપત્તિ સમજે છે. અને સમાજમાં સંપત્તિનો અધિકાર પુરુષ ના હાથમાં છે. તેનાથી એમણે સમાજને નારી જાતિ પર અધિકાર પ્રદાન કરી દીધો છે.[14] એ કારણે ગાંધીજીને બાળ-વિવાહની કટૂ આલોચના કરી. એમણે લખ્યું, બાળ વિવાહથી આપણું શારીરિક અને નૈતિક પતન થાય છે. તેનાથી સ્વરાજ્ય અને ઈશ્વર બંનેનું અપમાન થાય છે. જે પુરુષ કોઈ છોકરીની કોમળ આયુ નો ખ્યાલ નથી કરતા. તે ઈશ્વરને પણ નથી માનતા. આપણા દેશમાં બાળ-વિવાહની પ્રથા દેશના દરેક ભાગ અત્યંત પ્રાચીન કાળથી ચાલી આવી રહી છે. સ્વરાજ માટે તેનો વિનાશ જરૂરી છે."[15]

ગાંધીજીએ પોતાના આર્થિક વિચારો દ્વારા સામાજિક ઉન્નતિનો માર્ગ પ્રસસ્ત કર્યો. એમણે ગ્રામ સ્વરાજ, વિકેન્દ્રીકરણ, સર્વોદય, ટ્રસ્ટીશીપ અને ખાદી તથા સ્વદેશી દ્વારા સ્વાવલંબી અર્થવ્યવસ્થાને સમુન્નત બનાવાવની વકિલાત કરી. તેઓ આંધળા મશીનીકરણીના વિરોધી હતા અને અર્થવ્યવસ્થાને સમાજ ઉપયોગી અને રોજગારોન્મુખ બનાવવાની વકિલાત કરતા હતા. એમણે લખ્યું છે, "મારો વિરોધ યંત્ર સંબંધી ફેલાયેલા દિવાનાપનથી છે. યંત્રો સામે નથી. પરિશ્રમનો બચાવ કરનાર યંત્રોના સંબંધમાં લોકોનું જે ગાંડપણ છે, એની સામે મારો વિરોધ છે. આજે પરિશ્રમની બચત એ હદ સુધી કરવામાં આવે છે કે હજારો લોકોને આખરે ભૂખ્યા મરવું પડે છે. અને એને શરીર ઢાંકવા સુધી કપડા નથી મળતા, મારે પણ સમય અને પરિશ્રમનો બચાવ અવશ્ય કરવો છે. પરંતુ તે મુઠ્ઠીભર લોકોના માટે નહીં પણ સમસ્ત માનવ જાતિ માટે સમય અને પરિશ્રમનો બચાવ કરી ને મઠ્ઠીભર આદમી ધનાઢ્ય થઈ બેસે. એ મારા માટે અસહ્ય છે. આજે યંત્રોના કારણે મુઠ્ઠીભર આદમી લાખો લોકોની પીઠ પર સવાર થઈ બેઠા છે. અને એમને સતાવી રહ્યા છે. કેમ કે, યંત્રના ચલાવવાના મૂળમાં લોકોનો લોભ અને ધન તૃષ્ણા છે જન કલ્યાણની ભાવના નથી. યંત્રોના આ દુરપયોગના વિરુદ્ધ હું મારી પૂરી શક્તિથી લડી રહ્યો છું."[16]

આંબેડકરે કહ્યું હતું – અન્યાય ત્યાં સુધી દૂર નહીં થાય જ્યાં સુધી તેને સહન કરનારા ખુદ-બ-ખુદ ઊઠીને ઊભા ન થાય જ્યાં સુધી ગુલામને મુક્ત થવાની ભાવના પ્રજ્વલિત નહીં થાય, તે ગુલામીની વિરુદ્ધ લડવા, મરમીટવા માટે તૈયાર નહિ થાય, ગુલામી જવાની નથી. ગુલામને એ અહેસાસ કરાવી દો કે તે ગુલામ છે, તે ક્રાંતિ કરી દેશે."[17] તે સૂત્ર વાક્ય દ્વારા એમણે એક રીતે દેશવાસીઓને અંગ્રેજોની ગુલામીમાંથી મુક્તિ મેળવવાની પ્રેરણા આપી તો બીજી બાજુ દલિત પછાતોને બ્રાહ્મણવાદી નીતિ અને મનુવાદી સંસ્કારોથી મુક્તિના ઉપાયો પણ બતાવ્યા."[18] જાહેર છે કે આંબેડકર પણ આંતરિક અને બાહ્ય બંને પ્રકારની મુક્તિ ઈચ્છતા હતા. પરંતુ એમના માટે આંતરિક મુક્તિ વગર બાહ્ય મુક્તિની પ્રાપ્તિ વ્યર્થ હતી. તેઓ હર કિંમત પર દલિતોની મુક્તિ ઈચ્છતા હતા. તેઓ હિન્દુધર્મ તથા વર્ણ

વ્યવસ્થાની સખત વિરોધ કરે છે અને માને છે કે આના (અસ્પૃશ્યતા) રહેવાથી સામાજિક ન્યાયની સ્થાપના સંભવ નથી. એમણે હિન્દુ ધર્મ તથા વર્ણ વ્યવસ્થાને સ્વતંત્રતા, સમાનતા, તથા બંધુતાના વિરોધ બતાવી અને તેની તર્ક પૂર્ણ આલોચના કરી એમનું માનવું હતું કે, ધર્મ શાસ્ત્રોના કારણે જ ભારતીય સમાજમાં અસમાનતા, અકર્મણિયતા તથા દરિદ્રતા વ્યાપ્ત છે. એટલા માટે નવી સમાજ વ્યવસ્થાના નિર્માણ માટે હિન્દુ શાસ્ત્રોની સત્તાને પડકારવી જરૂરી છે. એમના શબ્દોમાં, "શાસ્ત્રોની સત્તાને ન પડકારવી, લોકોને એની પ્રવિત્રતા તથા પ્રતિબંધોમાં વિશ્વાસ કરવાની આજ્ઞા આપવી છે. પછી એમને એ વાત માટે દોષી ઠરાવવા તથા આલોચના કરવી કે, એમના કાર્યો અબૌદ્ધિક તથા અમાનવીય છે. આ સમાજ સુધારની ખૂબ જ અસંગતી-પૂર્ણ રીત છે. છૂઆ-છૂતના ઉન્મૂલન  માટે કામ કરતા સુધારક ગાંધીને સામેલ કરતા એ નથી સમજાતું કે લોકોનું કાર્ય માત્ર એ વિશ્વાસોનું ફળ છે. જેને એમના મનોમાં શાસ્ત્રોએ પહેલેથી ભરી રાખ્યું છે. એટલા માટે લોકો પોતાના આચરણને ત્યાં સુધી નહીં બદલે જ્યાં સુધી તેઓ એ શાસ્ત્રોની પવિત્રતામાં વિશ્વાસ  કરવાનું સમાપ્ત નહિ કરે. જેના પર એમનું આચરણ આધારિત છે."[19]

એમણે વર્ણ-વ્યવસ્થાની સખત આલોચના કરી અને એને ગંભીર સાજિસ ઘોષિત કરી. એમના શબ્દોમાં જે ધર્મોમાં એક વર્ણ-વિદ્યાધ્યન કરે, બીજો શસ્ત્ર ધારણ કરે, ત્રીજો વેપાર કરે અને ચોથો માત્ર સેવા કરે તે ધર્મ મને સ્વીકાર નથી. જો એક ને 'વિજ્ઞ' બનાવી રાખવા માટે બીજાને 'અન્ય' બનાવી રાખે છે તે ધર્મ નથી. પરંતુ લોકોને બૌધિક ગુલામીમાં રાખવાનું ષડયંત્ર છે જે ધર્મ એકના હાથમાં શસ્ત્ર આપી બીજાને નિઃશસ્ત્ર કરે છે તે ધર્મ નથી. પરંતુ એકના દ્વારા બીજાને પરાધિનતામાં રાખવાની ચાલાકી છે. જે ધર્મ કેટલાક લોકોને ધન સંપત્તિ રાખવાનો અધિકાર આપે છે. અને શોષિત લોકોના જીવન નિવાર્હ માટે બીજા પર આશ્રિત રહેવાનું કહે છે તે ધર્મ નથી પરંતુ સ્વાર્થ પરાયણતા છે. હિન્દુ ધર્મ નો ચાતુર્યવર્ણીય આવો છે."[20] એમણે એને અવૈજ્ઞાનિક અને અહિતકર બતાવ્યું. એમનું માનવું હતું કે વર્ણ વ્યવસ્થા તથા જાતિ વ્યવસ્થા વ્યક્તિગત તથા સામાજિક બંને રીતના વિકાસ માટે અવરોધક છે. તેઓ લખે છે કે વૈયક્તિક દૃષ્ટિથી વર્ણ વ્યવસ્થા એ મૂર્ખતા છે અને એક દંડ છે. એમાં કેવળ એક જ વર્ગ શિક્ષણ તથા જ્ઞાનનો અધિકારી છે. કેવળ એક જ વર્ગને વેપાર કરવાનો અધિકાર છે. કેવળ એક જ વર્ગ સેવા કરવાનો અધિકારી છે. 90% હિન્દુ બ્રાહ્મણ, વૈશ્ય તથા શુદ્ર સમાજ વ્યવસ્થા ના અંતગ્રાહ્ય હથિયાર રાખી શકે નહિ. કોઈ દેશની રક્ષા જો સંકટના સમયે એની ફોજમાં વૃદ્ધિ ન કરવામાં આવે તો કેવી રીતે કરી શકાય."[21] એમને વર્ણ-વ્યવસ્થાને ગુણ તથા કર્મ પર આધારિત હોવાથી માન્યતાઓનું તર્કપૂર્ણ ખંડન કર્યું અને એ વ્યવસ્થાને કાર્ય કુશળતાની દૃષ્ટિથી પણ અહિતકર બતાવ્યું.

આંબેડકરે વર્ણ વ્યવસ્થાના સમર્થકોને સખત શબ્દોમાં વખોડ્યા. ગાંધીજીની પણ ઘણી આલોચના કરી અને કહ્યું કે વર્ણ વ્યવસ્થાને સામાજિક આદર્શ બતાવનાર પાગલ છે. આંબેડકરના શબ્દોમાં, "એક અછૂતના રૂપમાં કોઈ વ્યક્તિને હિન્દુ સમાજમાં જન્મથી જ નિકૃષ્ઠ તથા પતિતની શ્રેણીમાં રાખવામાં આવ્યા છે. એને અધિક ઉચ્ચ રૂપમાં લેવું અને એ વાતને ઉપેક્ષિત કરવું કે આમાં માનવીય સામર્થ્ય કેટલું છે, અને ભવિષ્યમાં તે શું બની શકે છે. કોઈ પણ ઈમાનદાર બુદ્ધિજીવીની માનસિક કલ્પના તથા ચિંતનથી પરે છે. માનવ સમાજનું ન કેવળ દુરભાગ્ય છે પરંતુ અપમાન પણ છે. આ કોઈ પણ પ્રકારે સભ્ય સમાજની વ્યવસ્થા ન થઈ શકે કોઈ પાગલ વ્યક્તિ જ વર્ણ-વ્યવસ્થાને સમાજના આદર્શરૂપે સ્વીકાર કરી શકે છે."[22] આંબેડકર કહ્યું કે વર્ણ-વ્યવસ્થા તથા જાતિ-વ્યવસ્થા શ્રમનું નહિ પરંતુ શ્રમિકોનું વિભાજન છે. એમણે કહ્યું મારા માટે જૂના નામો સહિત આ ચાર્તુયવર્ણીય અધિક નિકૃષ્ઠ છે અને મારું સંપૂર્ણ વ્યક્તિત્વ તેનો વિરોધ કરે છે.ચાર્તુર્યવર્ણથી નિતાંત નિકૃષ્ઠ બીજું કોઈ સામાજિક સંગઠન નહીં થઈ શકે. આ તે વ્યવસ્થા છે જે લોકોને મૃત, પંગુ તથા અશક્ત બનાવી એમને સારા કામ કરવાથી રોકે છે.[23]

એમણે વર્ણ-વ્યવસ્થા, જાતિ વ્યવસ્થા તથા અસ્પૃશ્યતા આદિ બુરાઈઓને જોતા હિન્દુસ્તાનને

વિસમતોનું આશ્રય સ્થળ અને હિન્દુ ધર્મને વિસમતાનો પરીયાદી ઘોષિત કર્યો. એમણે લખ્યું છે કે, હિન્દુસ્તાન વિસમતાનું આશ્રય સ્થળ છે. હિન્દુ સમાજ એનો એક મિનાર છે. અને એક-એક જાતિ એની એક-એક મંજિલ છે. પરંતુ ખાસ વાત એ છે કે આ મિનારમાં સીડી લાગેલી નથી. એક મંજિલથી બીજી મંજિલ સુધી જવા માટે એમાં રસ્તો રાખવામાં આવ્યો નથી. જે મંજિલમાં જે જન્મે એ જ મંજિલમાં તે મરે. નીચેની મંજિલમાં જઈ શકતા નથી. અમે ઉપરની મંજિલમાં જન્મેલ વ્યકિત ચાહે તે ગમે તેટલો નાલાયક કેમના હોય એને નીચલી મંજિલમાં ઢડેલવાની કોઈની હિંમત નથી." [24]

આંબેડકરના અનુસાર – "જાતિ પ્રથા ભારતની ગુલામીનું મુખ્ય કારણ છે. આ પ્રથાએ હિન્દુઓ સિવાય શીખ, મુસલમાન તથા ઈસાઈ અને ભારતના અન્ય ધર્મોને પણ જકડી લીધો છે."[25] એમણે સ્પષ્ટ કર્યું કે એમનો વિરોધ અસ્પૃશ્યતા, જાતિ વિરોધ તથા વર્ણ વ્યવસ્થા અને બધુ મળીને બ્રાહ્મણવાદથી છે. પરંતુ બ્રાહ્મણવાદના વિરોધનો અર્થ બ્રાહ્મણોનો વિરોધ નથી. આંબેડકર ના અનુસાર બ્રાહ્મણવાદથી મારો અર્થ એક સમુદાયના રૂપમાં બ્રાહ્મણનોની શક્તિ, હિતો તથા વિશેષા અધિકારોથી નથી એ ભાવના નથી કે જેના કારણે આ શબ્દનો પ્રયોગ કરી રહ્યો છું. બ્રાહ્મણવાદથી મારો તાત્પર્ય સ્વતંત્રતા સમાનતા તથા ભાતૃત્વભાવનાના નિષેધથી છે. એ અર્થમાં બ્રાહ્મણવાદ બધા વર્ગોમાં વ્યાપ્ત છે. માત્ર બ્રાહ્મણવાદ સુધી સીમિત નથી. કેમ કે આ લોકો એના જન્મ દાતા છે. બ્રાહ્મણવાદ એટલો સર્વવ્યાપી છે કે એને આર્થિક અવસરોના ક્ષેત્રને પણ પ્રભાવિત કર્યો.[26]

આંબેડકરના મતે બ્રાહ્મણવાદ એક માનસિકતા છે જે અસમાનતા, પરતંત્રતા, ધૃણા તથા અન્યાયને પોષક છે તે દૃષ્ટિકોણથી જો કોઈ વ્યક્તિ માણસ અને માણસ વચ્ચે ભેદભાવ કરે છે. અથવા ભેદભાવ સ્વીકારે છે.તો તે બ્રાહ્મણવાદને મજબૂત તથા સ્થાઈ બનાવવા માટે દોષી છે. આંબેડકરે કહ્યું "અમે બ્રાહ્મણોની વિરૂધ નથી. અમારો આક્રમણ બ્રાહ્મણવાદ પર છે. અમને બ્રાહ્મણવાગ્રસ્ત બ્રાહ્મણેત્તર આદમી દૂર માલૂમ થાય છે. અને બ્રાહ્મણવાદ રહિત બ્રાહ્મણ નજદીક લાગે છે.[27] તેઓ કહે છે કે પ્રત્યેક વ્યક્તિ સામાજિક સામાજસ્ય તથા એકતાનો ઈચ્છુક છે, પરંતુ આવા સ્થાઈ સામાજિક સંબંધોના આધાર પર થવું મુશ્કેલ છે. સ્થાયી સંબંધ આવશ્યક પરિવર્તનનો વિરોધ કરે છે. આવી સ્થિતિમાં એકતા થવી અસંભવ છે. આ રીતે સામાજિક દ્રઢતા પણ આવશ્યક છે. પરંતુ એ દ્રઢતામાં કેટલાક વર્ગોને જ લાભ ન થવો જોઈએ, સુદૃઢ સમાજ સંગઠન દરેક સમયે આવશ્યક છે. પરંતુ આવા સામાજિક ન્યાયની કિંમત પર ન થવો જોઈએ. વર્ણ વ્યવસ્થાને સુદૃઢતા તથા એકતા એ બધી વાતોનું ઉલ્લંઘન કરે છે, એમાં સામાજિક ન્યાય તથા પરિવર્તન માટે કોઈ સ્થાન નથી."[28]

એમણે વર્ણવ્યવસ્થા અને જાતિ વ્યવસ્થાને શ્રમનું નહિ પણ શ્રમિકોનું વિભાજન બતાવ્યું. અને તેને ગુણ તથા સ્વભાવ પર આધારિત હોવાની માન્યતાનું પણ ખંડન કર્યું. એમના શબ્દોમાં જાતિ પ્રથા એક શ્રેણી બદ્ધ વ્યવસ્થા છે. જેમાં શ્રમિકોનું વિભાજન એકની ઉપર બીજા ક્રમથી થાય છે. કોઈ પણ અન્ય દેશના શ્રમના વિભાજનની સાથે શ્રમિકોનો આ પ્રકારે ક્રમ નથી હોતો. શ્રમનું આ વિભાજન સ્વતઃનથી થતું અને એ સ્વાભાવિક અભિરૂચિ પર પણ આધારિત નથી. આ સામાજિક તથા વૈયક્તિક કાર્ય કુશળતાની દૃષ્ટિથી પણ અહિતકર છે, કેમ કે આવી કાર્ય કુશળતા ત્યારે જ આવી શકે છે જ્યારે કે વ્યક્તિ પોતાની જીવિકાની પસંદગી પોતાના જન્મના આધાર પર નહીં પણ સ્વંયમ પોતાની ક્ષમતા તથા વિવેકના આધાર પર કરે. આ રીતે જાતિ પ્રથા એક હાનિકારક વ્યવસ્થા છે. અને તેનાથી વ્યક્તિની સ્વાભાવિક શક્તિઓનું દમન થાય છે. આંબેડકર જાતિ પ્રથાને ભારતની ગુલામીનું પ્રમુખ કારણ માનતા હતાં અને અસ્પૃશ્યતા તથા જાતિ પ્રથાના ઉન્મૂલન વગર સ્વરાજના લક્ષને ઢોકસલા માનતા હતા. એમના અનુસાર જાતિ પ્રથાને હિન્દુઓની સાથે સાથે શીખ, મુસલમાન અને ઈસાઈ તથા ભારતના અન્ય ધર્મોને પણ જકડી લીધો છે."[29] તેમના અનુસાર જાતિ અથવા પ્રજાતિમાં સુધાર થયો છે અને ન તો થશે. પણ તેનાથી હિન્દુ સમાજ પૂરી રીતે છિન્ન-ભિન્ન હતાશ

થઈ ગયો છે. "જાતિ પ્રથાએ જન-ચેતનાને ખતમ કરી દીધી છે."[30]

આંબેડકર વર્ણવ્યવસ્થા તથા જાતિ વ્યવસ્થાને અસ્પૃશ્યતાનું મૂળ કારણ માનતા હતા. એમના પ્રમાણે, અસ્પૃશ્યતા અને અછૂતોનું શોષણ હિન્દુશાસ્ત્ર પ્રેરિત સિદ્ધાંતોનું સ્વભાવિક પરિણામ છે. એટલા માટે જ્યાં સુધી એ શાસ્ત્રોમાં વર્ણીત વર્ણાશ્રમ કર્મ, પુનઃજન્મ, આદિ સિદ્ધાંતોનું ખંડન કરવામાં નહિ આવે ત્યાં સુધી અસ્પૃશ્યતા નિવારણ અને દલિત મુક્તિ સંભવ નથી. એમને ગાંધીજી દ્વારા ઉછૂત્તોધ્ધાર માટે ચલાવવામાં આપેલા કાર્યક્રમની પણ સખત આલોચના કરી અને એને દલિત સમાજ માટે એક સાજિસ (કાવતરું) બતાવી આંબેડકર કહેતા હતા કે ગાંધી અસ્પૃથ્યો પ્રત્યે દયાળું છે પરંતુ તેઓ અસ્પૃશ્ય પર દયા બતાવી એમને અને એમના આંદોલનને સમાપ્ત કરી દેવા ચાહે છે. જેના દ્વારા અસ્પૃશ્ય હિન્દુ ધર્મથી સ્વતંત્ર થવા ઈચ્છે છે.[31] અસ્પૃશ્યતા ઉન્મૂલનના સવાલોને લઈને ગાંધી અને આંબેડકરની વચ્ચે વિવાદ ખૂબ ચર્ચિત રહ્યો છે. જેનું અસ્થાયી રીતે પુના પેકટના માધ્યમથી અંત થયો.

આંબેડકર ધર્મને માનવ સમાજ માટે આવશ્યક માને છે અને માર્કસની તે યુક્તિ સાથે સહમત નથી કે ધર્મ અફિણ છે. પરંતુ તેઓ શાસ્ત્રોની પવિત્રતાની વિરુદ્ધ હતા. એમનું કહેવું હતું કે જો આજ લોકોના વિશ્વાસો તથા મતોને પ્રભાવિત કરવા માટે શાસ્ત્રોની સત્તાને સતત બનાવી રાખે તો તમે તમારી સફળતાની કામના કેવી રીતે કરી શકો છો."[32]

તેઓ શાસ્ત્રની અપરિવર્તનશીલ પવિત્રતા અને સંસ્થાઓની દૈવિય-વ્યવસ્થાના પ્રખર આલોચક હતા. તેઓ માનતા હતા કે મનુષ્ય શાસ્ત્રોની ઉપર છે. શાસ્ત્રોને મનુષ્યોએ બનાવ્યા છે ન કે શાસ્ત્રોએ મનુષ્યને અને પછી એ શાસ્ત્ર મનુષ્યો માટે ન કે મનુષ્ય જ શાસ્ત્રો ને માટે. એટલે તેઓ કહેતા હતા કે શાસ્ત્રોની સત્તાને ચુનૌતી ના આપો., લોકોને એની પવિત્રતા તથા એના પ્રતિબંધોમાં વિશ્વાસ કરવાની આજ્ઞા આપવી અને પછી એને તે વાત માટે દોષી ઠેરાવવો તથા આલોચિત કરવો કે એનું કાર્ય અબૌધિક તથા અમાનવીય છે, સામાજિક સુધારની આ ખૂબ જ અસંગતી પૂર્ણ રીત છે. છૂઆ-છૂતના ઉન્મૂલન માટે કામ કરનાર સુધારક ગાંધીજી આ નથી સમજી શક્યા કે લોકોનું કાર્ય માત્ર એ વિશ્વાસોનું ફળ છે. જેને એમના મનમાં શાસ્ત્રોએ પહેલેથી જ ભરી રાખ્યું છે અને લોકો પોતાના આચરણને એ સમય સુધી નહીં બદલે જ્યાં સુધી કે તેઓ એમના શાસ્ત્રોની પવિત્રતામાં વિશ્વાસ કરવાનું સમાપ્ત નહીં કરે, જેના પર એમનું આચરણ આધારિત છે"[33] તેઓ શરૂથી જ આંતરજાતીય લગ્નને જાતીય ઉન્મૂલનનું પ્રમુખ સાધન માનતા હતા. અને આવા લગ્નોને પ્રોત્સાહન આપવા માટે પણ લોકોને શાસ્ત્રો તથા ધર્મોના ભયથી મુક્ત કરવા ઈચ્છતા હતા. જ્યાં ગાંધી, ધર્મને વ્યક્તિની અચ્છાઈઓનું કારણ માને છે ત્યાં આંબેડકર પ્રચિલત ધર્મો (ખાસ કરી હિન્દુ ધર્મ)ને વ્યક્તિ તથા સમાજના માટે અનુપયોગી તથા હાનિકારક માને છે. આંબેડકર હિન્દુ ધર્મને ભારતીય સમાજની બુરાઈઓનું મૂળ માન્યું અને પોતાના જીવનના અંતિમ કાળમાં એમણે હિન્દુ ધર્મનો પરિત્યાગ કરી પોતાના લાખો સાથીઓની સાથે બૌદ્ધ ધર્મ ગ્રહણ કરી લીધો.

બૌદ્ધ ધર્મ ગ્રહણ કરવાના સંબંધમાં આંબેડકરે લખ્યું છે કે, 'બુદ્ધિજમ એક પૂર્ણ વ્યાપક ધર્મ છે. બુદ્ધિજમનું મુખ્ય લક્ષ્ય દુઃખી માનવતાનો ઉદ્ધાર કરવાનો છે.[34] એમણે આગળ કહ્યું, આ ધર્મ ન કેવળ આ દેશની પરંતુ સમસ્ત સંસારની સેવા કરી શકે છે. દુનિયાના મામલામાં આ સમયે વિશ્વ શાંતિ માટે બુદ્ધિજમ પરમાવશ્યક છે. આજે આપણે સપત લેવી જોઈએ કે, એમ બુદ્ધના અનુયાયી માત્ર સ્વયંભૂ પોતાની મુક્તિના માટે જ કર્મ ન કરતા પોતાના દેશ અને સામાન્યતઃ દુનિયાને સમઉન્નત કરવાનો પ્રયાસ કરીશું.[35]

આંબેડકર પણ સ્ત્રી-પુરુષ સમાનતાના પ્રબળ હિમાયતી હતા. "હિન્દુ, કોડબીલના માધ્યમથી એમણે મહિલાઓની સ્થિતિમાં સુધાર માટે ઐતિહાસિક પ્રયાસ કર્યા. આંબેડકરે મહિલાઓને અપીલ કરી કે, આપ સ્વચ્છ રહેતા શીખો, બધી અનૈતિક બુરાઈઓથી બચો, હીન ભાવના ત્યાગી દો, શાદી-વિવાહ જલ્દી ન કરો અને ના તો અધિક સંતાનો પેદા કરો પત્ની ને જોઈએ કે તે પોતાના પતિના કાર્યમાં એક મિત્ર એક

સહયોગીના રૂપમાં પોતાનું દાઈત્વ નિભાવે. પરંતુ પતિ ગુલામરૂપમાં વર્તાવ કરે તો એનો ખુલીને વિરોધ કરો. એની ખરાબ આદતોનો નિષેધ કરવો જોઈએ અને સમાનતાનો આગ્રહ કરવો જોઈએ.[36]

આંબેડકરે વર્ણ વ્યવસ્થાથી જોડાયેલ આર્થિક પ્રાવધાનોનો વિરોધ કર્યો અને આર્થિક ન્યાયની વકિલાત કરી, તેના માટે આંબેડકર ઉત્પાદનના સાધનોનું વિકેન્દ્રીકરણ ઈચ્છતા હતા. એમનું માનવું હતું કે જો ભૌતિક સાધન સમાજના થોડા જ લોકો સુધી સીમિત રહે તો અમીર તથા ગરીબની ખાઈ વધારે ઊંડી થતી જશે. બાબાસાહેબના આ આર્થિક વિચારોનો મૂળ આધાર નૈતિક ઉદ્દેશ્ય હતો. જેમાં માનવ કલ્યાણનો દૃષ્ટિકોણ નિહિત હતો. આંબેડકરનું એ પણ કહેવું હતું કે ઉત્પાદનના મુખ્ય સ્ત્રોત યથા, ભૂમિ, પૂંજી, શ્રમ, સાહસ અને પ્રબંધની રાષ્ટ્રીય આવકમાં સૂચિત ભાગીદારી હોવી જોઈએ તથા ઉત્પાદનના પ્રત્યેક સ્રોતને પોતાની વાંછિત પ્રતિફળ મળવું જોઈએ. જેથી રાષ્ટ્રીય અર્થ વ્યવસ્થામાં માંગ અને પૂરતીનું નિયમિતરૂપથી સંતુલન બન્યું રહે. આંબેડકરનું કહેવું હતું કે, જો સમપ્રધાન ઉદ્યોગોમાં શ્રમિકને ઉચિત પ્રતિફળ ન મળ્યું તો શ્રમિક વર્ણને ના છૂટકે હડતાલ કરવી પડશે. ફળ સ્વરૂપ ઉત્પાદન હત્તોશાહી થશે. માંગ અને પૂરતીનું સંતુલન બગડી જશે અને તેનાથી દેશની અર્થવ્યવસ્થા છિન્ન-ભિન્ન થઈ જશે.[37]

**નિષ્કર્ષ**

મહાત્મા ગાંધી અને આંબેડકર બંનેનું ચિંતનનું કેન્દ્ર મનુષ્ય હતું. બંને એક આદર્શ સમાજનું મોડલ પ્રસ્તુત કરે છે. જેમાં મનુષ્યને મનુષ્યના રૂપમાં સ્વીકાર કરવામાં આવ્યો છે. અને વર્ણ, વર્ગ, જાતિ, ધર્મ, સાંપ્રદાય, રંગ-રૂપ, ધન-સંપત્તિ, નસ્લ, ભાષા, લિંગ તથા અન્ય કોઈ પણ પ્રકારના શોષણ ઉત્તપિડન તથા દમનને કોઈ સ્થાન નથી. ગાંધી અને આંબેડકર બંને સામ્રાજ્યવાદ તથા બ્રાહ્મણવાદના વિરોધમાં સંઘર્ષ કરે છે. એ સંઘર્ષોના પરિણામ સ્વરૂપ ભારતને સામ્રાજ્યવાદી શોષણથી મુક્તિ મળી અને સંવિધાનના માધ્યમથી ઘણી હદ સુધી બ્રાહ્મણવાદથી મુક્તિની પણ આશા જાગી. પરંતુ સ્વતંત્રતા પ્રાપ્તિ પછી બંનેના અનૂયાયી આ મિશનને પૂરું કરવાના પ્રયાસમાં વિફળ રહ્યાં. એટલા માટે આજે સામ્રાજ્યવાદ તથા બ્રાહ્મણવાદના વિરોધી સંઘર્ષમાં વિવાદ ઊઠ્યો છે અને નવ-સામ્રાજ્યવાદ તથા નવ-બ્રાહ્મણવાદનો ઉદય થયો છે. જેના દ્વારા શોષણ તથા ઉત્તપિડનના નવા નવા રૂપો સામે આવી રહ્યો છે.

વર્તમાનમાં ભૂમંડલીકરણ, ઉદારીકરણ અને નિજીકરણના માધ્યમથી એકવાર ફરી ભારતને નવી ગુલામીની જંજીરોમાં જકડી જઈ રહ્યા છીએ. સમાજ પરીવર્તન તથા સામાજિક ન્યાયના સંઘર્ષોમાં પણ શિથિલતા તથા વિચલન જોવા મળી રહ્યા છે. કેટલાક વિચારક ભૂમંડલીકરણને વિકાસનો રસ્તો અને જાતિને સામાજિક વ્યવસ્થાની અનિવાર્યતા સાબિત કરવા લાગી રહ્યા છે. કેટલાક લોકો સામ્રાજ્યવાદને જ એક માત્ર ભય માનીને બ્રાહ્મણવાદને નજર અંદાજ કરે છે. તો કેટલાક લોકો બ્રાહ્મણવાદથી લડવા માટે સામ્રાજ્યવાદીઓના પ્રશંસક બની જાય છે.

આવામાં સામ્રાજ્યવાદ તથા બ્રાહ્મણવાદ બંનેના વિરુદ્ધમાં એક સાથે સંઘર્ષ કરવાની આવશ્યકતા છે. કેમ કે સામ્રાજ્યવાદ તથા બ્રાહ્મણવાદ બંનેનો પાયો શોષણ પર આધારિત છે. બધા પ્રકારના શોષણનો અંત કર્યા વગર ગાંધી – આંબેડકરના સ્વપ્નનું સમાજ કાયમ નહી થઈ શકે. આપણે એ પણ યાદ રાખવું જોઈએ કે સમાજ પરિવર્તનના સમાન લક્ષ્યની વાત કરવા છતાં એની પ્રાપ્તિના માર્ગને લઈને ગાંધી અને આંબેડકરની વચ્ચે ઊંડા મત ભેદ રહ્યા છે. ગાંધી જ્યાં શોષણકારી સમાજમાં હૃદય પરિવર્તન દ્વારા સુધાર લાવવાની વાત કરે છે ત્યાં આંબેડકર આર્થિક, રાજનૈતિક તથા કાનૂની પ્રાવધાનો દ્વારા આ શોષણકારી સમાજ વ્યવસ્થામાં આમૂલ પરિવર્તનની વાત કરે છે. જો સમાજ સુધારના ઐતિહાસિક સંદર્ભોને જોવામાં આવે તો આંબેડકરનું વિચારવું સ્વાભાવિક જ હતું, કેમ કે મહાત્મા બુદ્ધ, મહાવીર, સુફી સંતો, અલવાર સંતો, ભક્તકાલીન કવિઓ, રાજા રામમોહનરાય, દયાનંદ સરસ્વતી, રામકૃષ્ણ પરમહંસ, વિવેકાનંદ આદિ મહાપુરુષોના અથાગ

પ્રયાસોથી હિંદુ સમાજ વ્યવસ્થાની કેટલીક બુરાઈઓ તો દૂર થઈ પરંતુ સમાજમાં કોઈ ગુણાત્મક પરિવર્તન ન આવ્યું. આ બાજુ સ્વતંત્ર પ્રાપ્તિ પછી આંબેડકરના અથાગ પ્રયાસોથી બનાવવામાં આવેલા સંવિધાનના કાનૂની પ્રાવધાનોને લાગૂ કર્યા પછી પણ ભારતીય સમાજની કૂપમંડૂત્તા તથા જડતા નથી તૂટી. જાહેર છે કે ગાંધી-આંબેડકરની વિચાર દૃષ્ટિએ એમના કાર્યોનું સમ્યક મૂલ્યાંકન કરતા સમ-સામાહિક પડકારોના પરીપ્રેક્ષ્યમાં સામાજિક ન્યાયની સંભાવનાઓની ખોજ જરૂરી છે.

### સંદર્ભ


1. अम्बेडकर, बी. आर., एनीहिलेशन ऑफ कास्ट, बहुजन पत्रिका, प्रकाशक, जलंधर 1968, पृ. 126-127
2. अम्बेडकर, जातिभेद का उच्छेद, बहुजन कल्याण प्रकाशन, लखनऊ, पृ. 124-25
3. ગાંધી મ.ક. હરિજન, 18 જુલાઈ, 1936
4. संपूर्ण गांधी वाङमय, खंड 51, पृ. 214
5. गांधी एम. के. वर्णाश्रम धर्म, नवजीवन ट्रस्ट, 1926, पृ. 40
6. दामोदरन के. भारतीय चिन्तन परंपरा, पृ. 461
7. ગાંધીજી, હરિજન, 18 જુલાઈ 1936
8. संपूर्ण गांधी वाङमय खंड 80, पृ. 140
9. गांधी म. क. कलेक्टेड वर्क्स पृ. 98
10. गांधी यंग इन्डिया 29 सप्टे. 1921
11. गांधी यंग इन्डिया 8 दिसम्बर 1920
12. संपूर्ण गांधी वांङमय खंड 17 पृ. 493-94
13. सिंह, श्रीभगवान, गांधी और दलित भारत जागरण, भारतीय ज्ञानपीठ, नई दिल्ली – 3, 2008, पृ. 8-9
14. गांधी एम. के. विमेन एंन्ड सोश्यल इंजस्टीस, नवजीवन प्रकाशन, अहमदाबाद, वर्ष 1942, पृ. 12
15. गांधी एम. के. विमेन एंन्ड सोश्यल इंजस्टीस, नवजीवन प्रकाशन, अहमदाबाद, वर्ष 1942, पृ. 34
16. गांधी म. क. हिन्दी, नवजीवन साप्ताहिक, 2 नवम्बर 1924
17. दृष्टव्य, डॉ. अम्बेन्डकर का दलित आंदोलन, आर. एल., चंदापुरी, भारत में ब्राह्मणराज और पिछड़ा वर्ग आंदोलन, पृ. 65
18. ठाकुर हरिनारायण, दलित साहित्य का समाजशास्त्र, भारतीय ज्ञानपीठ 2009
19. डॉ. बाबा साहेब अम्बेडकर सम्पूर्ण वाङमय खंड - 1 कल्याण मंत्रालय, भारत सरकार पृ 67
20. जाटव डी. आर., डॉ. अम्बेडकर : व्यक्तित्व एवं कृतित्व, समता साहित्य सदन, जयपुर द्वितीय संस्करण 1988, पृ. 204
21. अम्बेडकर बी. आर., रानाडे, गांधी एन्ड जिन्ना, लखनऊ, बहुजन कल्याण प्रकाशन, 1962, पृ. 36
22. अम्बेडकर बी. आर., रानाडे, गांधी एन्ड जिन्ना, लखनऊ, बहुजन कल्याण प्रकाशन, 1962, पृ. 12-20
23. આંબેડકર બી. આર. ANNIHILATION OF CASTE જાતિ વિચ્છેદ, પ્રિયદર્શી પબ્લિકેશન પ્રકાશક ન્યાયક્ષેત્ર અમદાવાદ પૃ. 58-59
24. કીર ધનજંય ડૉ. આંબેડકર જીવન અને કાર્ય, નવભારત સાહિત્ય મંદિર, ગાંધી રોડ, અમદાવાદ પ્રથમ 1993, પૃ. 47
25. डॉ. बाबा साहेब अम्बेडकर, संपूर्ण वाङमय खंड-1, कल्याण मंत्रालय, भारत सरकार, नई दिल्ली पृ. 77
26. કીર ધનંજય, ડૉ. આંબેડકર જીવન અને કાર્ય, નવભારત સાહિત્ય મંદિર, ગાંધી રોડ, અમદાવાદ, પ્રથમ 1933
27. शंभुनाथ द्वारा उद्रृत, आलेख- दलित विमर्श की मुश्किले, युवा संवाद, नई दिल्ली संपादक - ए. के. अरुण, अप्रैल 2009, पृ. 47
28. अम्बेडकर बी. आर. ANNIHILATION OF CASTE परिशिष्ट - 2, पृ. 21
29. अम्बेडकर, जातिभेद का उच्छेद, पूर्वोक्त, पृ. 106

30. डॉ. बाबा साहेब अम्बेडकर, संपूर्ण वांङमय खंड -1, कल्याण मंत्रालय, भारत सरकार, नई दिल्ली -पृ. 77
31. આંબેડકર વોટ કોંગ્રેસ એન્ડ ગાંધી હૈવ ડન ટૂ ધ અનટચેબલ્સ, મુંબઈ થૈકર એન્ડ કં. લિ., 1946, પૃ. 141
32. આંબેડકર બી. આર. ANNIHILATION OF CASTE પૃ. 74
33. આંબેડકર વોટ કોંગ્રેસ એન્ડ ગાંધી હૈવ ડન ટૂ ધ અનટચેબલ્સ, મુંબઈ થૈકર એન્ડ કં. લિ.
34. भगवानदास, दस स्पोक, अम्बेडकर (सिलेक्टेट स्पीचेज) (संकलित/संपादित) खंड-2, 1969, पृ. 161-162
35. भगवानदास, दस स्पोक, अम्बेडकर (सिलेक्टेट स्पीचेज) पृ. 164
36. "બહુજન સંઘર્ષ" (પત્રિકા) વર્ષ -1 અંક, 1 જાન્યુઆરી 1996, નાગપુર, મહારાષ્ટ્ર
37. महेरदा बी. एन. पथौरी पुनिता, रवि प्रकाशन, अम्बेडकर और सामाजिक न्याय, रावत पब्लिकेशन, जयपुर - 4, 1992, पृ. 146